ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web: www.kskvku.ac.in

રેફ.નં.: કયુ/ બી.ઓ.એમ.–મિનિટ્સ–૫/ ૨૦૨૪/ ૨૩૫૩

તા:–૨૨/૧૧/૨૦૨૪

પ્રતિશ્રી,

તમામ સભ્યશ્રીઓ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય:–** બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૮/૧૧/૨૦૨૪ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૮/૧૧/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનિટ્સ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– મિટીગની મિનિટ્સ

નકલ રવાના :–

૧. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૨. સંબંધિત ફાઈલે.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

તા.૧૮/૧૧/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીંગની મિનિટ્સ નોંધ

આજ રોજ તા.૧૮/૧૧/૨૦૨૪ ના ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં બોર્ડ ઓફ મેનેજમેન્ટની મિટીંગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | ડૉ. મોહનભાઈ પટેલ<br>માનનીય કુલપતિશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડૉ. મનોજભાઈ સોલંકી<br>પ્રતિષ્ઠિત વ્યકિતશ્રી<br>શ્રી રામકિષ્ણ ટ્રસ્ટ, કુકમા – કચ્છ | સભ્યશ્રી | હાજર |
| ૩. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૪. | પ્રો.(ડૉ) ડી. એમ. બકરાણીયા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૫. | ડૉ. કલ્પનાબેન સતીજા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટ્સ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૬. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના ડિપાર્ટમેન્ટ અધ્યક્ષશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૭. | ડૉ. પંકજ ઠાકર<br>આસી. પ્રોફેસરશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. મનીષાબેન બારડ<br>આસી. પ્રોફેસરશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૯. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | ખાલી<br>...............................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૧. | શ્રી કેસરાભાઈ આર. પિંડોરીયા<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૨. | શ્રી કિરણભાઈ બી. આહિર<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | શ્રી રામભાઈ ગઢવી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | શ્રી કાન્તાબેન સોલંકી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૫. | પ્રો. (ડૉ.) વિજય વ્યાસ<br>એકેડમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૧૬. | ડૉ. સી. એસ. ઝાલા<br>એકેડમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૧૭. | પ્રો. (ડૉ.) મહેશ ઠક્કર<br>ડાયરેક્ટરશ્રી,<br>બી.એસ.આઈ.પી. (લખનઉ) | સભ્યશ્રી | ઓનલાઈન હાજર |
| ૧૮. | ડૉ. અનિલ ગોર<br>કુલસચિવ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર સેક્રેટરીશ્રી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૭/૦૮/૨૦૨૪ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા તથા થયેલ કામગીરી બાબતે.

**ઠરાવ નં.૦૧** **બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૭/૦૮/૨૦૨૪ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૨. એકેડમિક કાઉન્સિલની તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા બાબતે. (મિનિટ્સ આ સાથે સામેલ રાખેલ છે.)

**ઠરાવ નં.૦૨** **એકેડમિક કાઉન્સિલની તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ મળેલ મિટીગમાં અભ્યાસક્રમ સંબંધિત, હાલમાં શૈક્ષણિક સ્ટાફની કરવાની થતી ભરતી પ્રક્રિયામાં વિષય નિષ્ણાંતોના નામો સંબંધિત, કોલેજોના જોડાણ સંબંધિત, સંલગ્ન લૉ કોલેજમાં બાર કાઉન્સિલના પત્ર અનુસાર પરિપાલન કરાવવા સંબંધિત, QPDS પદ્ધતિથી પરીક્ષાઓ લેવા સંબંધિત, પરીક્ષાલક્ષી અન્ય બાબતોના વગેરે થયેલ તમામ ઠરાવો તથા લેવાયેલ નિર્ણયોને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૩. ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કમિટીની તા.૦૪/૦૯/૨૦૨૪ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા બાબતે. (મિનિટ્સ આ સાથે સામેલ રાખેલ છે.)

**ઠરાવ નં.૦૩** **ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કમિટીની તા.૦૪/૦૯/૨૦૨૪ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે અને આગળની કાર્યવાહિ હાથ ધરવા જરૂરી વહિવટી મંજૂરી આપવામાં આવે છે અને માનનીય કુલપતિશ્રીને આગળની કાર્યવાહી હાથ ધરવા સત્તા સોંપવામાં આવે છે.**

૪. ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કમિટી, પરચેઝ કમિટી તથા બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટીની તા.૧૯/૧૦/૨૦૨૪ના રોજ મળેલ સંયુકત મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબતે. (મિનિટ્સ આ સાથે સામેલ રાખેલ છે.)

**ઠરાવ નં.૦૪** **ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કમિટી, પરચેઝ કમિટી તથા બિલ્ડીંગ એન્ડ વર્કસ કમિટીની તા.૧૯/૧૦/૨૦૨૪ના રોજ મળેલ સંયુક્ત મિટીંગની મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે અને આગળની કાર્યવાહિ હાથ ધરવા જરૂરી વહિવટી મંજૂરી આપવામાં આવે છેઅને માનનીય કુલપતિશ્રીને આગળની કાર્યવાહી હાથ ધરવા સત્તા સોંપવામાં આવે છે.**

૫. ડૉ. તેજલકુમાર શેઠ, પરીક્ષા નિયામકશ્રી, કચ્છ યુનિવર્સિટીની તા.૦૪/૧૦/૨૦૨૪ વાળી અરજી સબબ ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(ડૉ. તેજલકુમાર શેઠ, પરીક્ષા નિયામકશ્રી, કચ્છ યુનિવર્સિટીએ તા.૦૪/૧૦/૨૦૨૪ વાળી અરજીથી ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એકટ–૨૦૨૩ તથા સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ અનુસાર તેમની કેડરનો મળવા પાત્ર પગાર આકારવા તથા તે અન્વયે સંબંધિત વિભાગોને આદેશો કરવાની રજૂઆત તેમની અરજીમાં કરેલ છે જે અનુસંધાને ચર્ચા–વિચારણા)

**ઠરાવ નં.૦૫** **ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એકટ–૨૦૨૩ તથા સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ અનુસાર પરીક્ષા નિયામકશ્રીના પગાર આકારણી સબબ સરકારશ્રીમાંથી આ સંદર્ભે કાર્યવાહિ કરવા અત્રેને કોઈ જાણ થયેલ નથી કે સૂચના મળેલ નથી. પરિણામે ગુજરાત રાજયના શિક્ષણ વિભાગનું માર્ગદર્શન મેળવી આગળની કાર્યવાહિ હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૬. ભવનોમાં હંગામી ધોરણે લાંબા સમયથી ફરજ બજાવતાં શૈક્ષણિક કર્મચારીશ્રીઓની તા.૦૩/૧૦/૨૦૨૪ વાળી અરજી સબબ ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(ભવનોમાં હંગામી ધોરણે લાંબા સમયથી ફરજ બજાવતાં શૈક્ષણિક કર્મચારીશ્રીઓએ વચગાળાની રાહત રૂપે જે રીતે બિન શૈક્ષણિક કર્મચારીઓનો ઓગષ્ટ માસથી પગાર વધારો થયેલ છે તે રીતે તેઓનો પગાર વધારો કરવા ઉકત અરજી કરેલ છે.)

**ઠરાવ નં.૦૬** **યુનિવર્સિટીમાં હાલ હંગામી ધોરણે ફરજ બજાવતા શૈક્ષણિક કર્મચારીશ્રીઓને અગાઉ તા.૧૨/૦૩/૨૦૨૩ના મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલના ઠરાવ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૭/૦૮/૨૦૨૪ની સભાના ઠરાવ અનુસંધાને તથા ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કમિટીની તા.૦૪/૦૯/૨૦૨૪ ની સભાના ઠરાવ –૦૧ થી કરવામાં આવેલ બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર વધારાની રીતે વચગાળાની રાહત (મોંઘવારી) રૂપે માસિક રૂા. ૫૦૦૦/– નો પગાર વધારો**

**હંગામી ધોરણે ફરજ બજાવતા ૧૦ શૈક્ષણિક કર્મચારીશ્રીઓને તેમની તા.૦૩/૧૦/૨૦૨૪ની અરજી અનુસંધાને અન્ય હુકમ ન થાય ત્યાં સુધી તા. ૦૧/૦૮/૨૦૨૪ થી અમલમાં આવે એ રીતે આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. (આ વધારો મૂળ પગારમાં ગણાશે નહિ.) આ વચગાળાની રાહતનું બીલ હિસાબી શાખાએ અલગથી સરકારશ્રીની ગ્રાન્ટમાં આકારવાનું રહેશે.**

૭. **તા.૦૩/૧૧/૨૦૨૪નાં રોજ MKCL સાથે કરેલ MOU ને બહાલ રાખવા બાબત**

(MKCL માં બાકી રહેતા વિદ્યાર્થીઓ માટે પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂા. ૧૦૦/– ની કિંમતે ઉક્ત MOU શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી ૨૦૨૭–૨૮ સુધીના સમયગાળા માટે કરવામાં આવેલ છે જે બહાલ રાખવા અર્થે)

ઠરાવ નં.૦૭ **તા.૦૩/૧૧/૨૦૨૪નાં રોજ પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂા. ૧૦૦/– ની કિંમતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી ૨૦૨૭–૨૮ સુધીના સમયગાળા માટે કરવામાં આવેલ MKCL સાથેના MOU ને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૮. નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ માટે અંદાજપત્ર તૈયાર કરી સરકારશ્રીને મોકલેલ છે (જેમાં પગાર ભથ્થાં, કન્ટીજન્સી, યુનિવર્સિટી વિકાસ માટેના ખર્ચનો સમાવેશ થાય છે.) કુલ રકમ ૨૯.૦૫૫૧ કરોડનું મોકલવામાં આવેલ અંદાજપત્ર બહાલ રાખવા બાબત.

ઠરાવ નં.૦૮ **નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ માટેનું સરકારશ્રીને કુલ રકમ ૨૯.૦૫૫૧ કરોડનું મોકલવામાં આવેલ અંદાજપત્ર(બજેટ) સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૯. **નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ ના અંદાજપત્ર માટે નવી બાબતોની મોકલવામાં આવેલ દરખાસ્ત બહાલ રાખવા બાબત**

(નાણાં વિભાગ, ગુ.સ. તા.૦૨/૦૯/૨૦૨૪ ના પત્ર અનવ્યે નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૦૨૬ના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરવા માટેની નવી બાબતોની જુદા–જુદા હેડ હેઠળની દરખાસ્તો આ સાથે સામેલ રાખ્યા અનુસાર છે. જે સરકારશ્રીમાં તા.૩૦/૦૯/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાની હોતાં કુલ રકમ ૨૫.૧૩ કરોડની મુકવામાં આવેલ નવી બાબતોની દરખાસ્તને બહાલ રાખવા બાબતે.)

| ક્રમ | કામગીરીની વિગત | બજેટની રકમ (કરોડમાં) |
|---|---|---|
| ૧ | નવી શૈક્ષણિક જગ્યાઓ | ૧૧.૨૬ કરોડ |
| ૨ | નવી બિન શૈક્ષણિક જગ્યાઓ | ૦૭.૦૮ કરોડ |
| ૩ | નવા વાહન | ૦૦.૮૪ કરોડ |
| ૪ | નવા આઈ.ટી. કમ્પોનન્ટ | ૦૩.૩૭ કરોડ |
| ૫ | પગાર ગ્રાન્ટ | ૦૨.૫૮ કરોડ |
| **કુલ રકમ** | | **૨૫.૧૩ કરોડ** |

**ઠરાવ નં.૦૯** **નાણાંકિય વર્ષ ૨૦૨૫–૨૬ ના અંદાજપત્ર માટે નવી બાબતોની શૈક્ષણિક જગ્યાઓ, બિન શૈક્ષણિક જગ્યાઓ, વાહન, પગાર ભથ્થાં તથા આઈ.ટી. કમ્પોનન્ટની મોકલવામાં આવેલ કુલ રકમ ૨૫.૧૩ કરોડની દરખાસ્ત સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

૧૦. Board of Research ની તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા બાબતે. (મિનિટ્સ આ સાથે સામેલ રાખેલ છે.)

**ઠરાવ નં.૧૦** **Board of Research ની તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે.**

**૧૧.** **Board of Research ની તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગના ઠરાવ નં. ૧(બી) થી રચાયેલ સમિતી મારફતે પીએચ.ડી. ગાઈડશીપ અન્વયે થયેલ કામગીરી બહાલ રાખવા બાબત.**

(ઉકત રચાયેલ સમિતીના તા. ૧૫/૧૦/૨૦૨૪ ના અહેવાલ તથા માનનીય કુલપતિશ્રીના તા.૨૧/૧૦/૨૦૨૪ વાળી નોંધ પર મળેલ આદેશ અનુસાર કુલ–૧૮ અધ્યાપકશ્રીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી પીએચ.ડી. ગાઈડ તરીકેની માન્યતા આપવામાં આવેલ છે જે બહાલ રાખવા બાબત)

**ઠરાવ નં.૧૧** **Board of Research ની તા.૦૪/૧૦/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગના ઠરાવ નં. ૧(બી) થી રચાયેલ સમિતીએ કરેલ કામગીરી ગ્રાહય રાખી આ સમિતીનો તા.૧૫/૧૦/૨૦૨૪નો અહેવાલ તથા માનનીય કુલપતિશ્રીના તા.૨૧/૧૦/૨૦૨૪ વાળી નોંધ પર મળેલ આદેશ અનુસાર કુલ–૧૮ અધ્યાપકશ્રીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી પીએચ.ડી. ગાઈડ તરીકેની આપેલ માન્યતાની કાર્યવાહીને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૧૨. Board of Research માં એકટની કલમ ૧૩(૮) તથા સ્ટેચ્યુટ્સ ૨૮(૨)(f) ની જોગવાઈઓ અનુસાર ૦૮ સભ્યશ્રીઓની નિયુકિત બોર્ડ ઓફ મેનેજમેન્ટે કરવાની થાય છે. જે જોગવાઈ અન્વયે સભ્યશ્રીઓની નિયુકિત સબબ નામો આપવા બાબતે.

**ઠરાવ નં.૧૨** **સ્ટેચ્યુટ્સ ૨૮(૨)(f) ની જોગવાઈઓની માહિતી બોર્ડના સૌ સભ્યશ્રીઓને આપવામાં આવેલ અને ત્યાર બાદ ઉકત આઠ નામો જણાવવા સંબંધિત ચર્ચા થયેલ. ઉકત નામોની નિયુકિત અર્થે નામો આગામી બેઠકમાં આપવાનું નકકી કરવામાં આવ્યું.**

૧૩. હાલમાં ચાલી રહેલ શૈક્ષણિક જગ્યાઓની ભરતી પ્રક્રિયા અનુસંધાને આગળની કાર્યવાહીના ભાગરૂપ સ્ટેચ્યુટ્સ –૨૫૫ Selection and Appointment of University Teachers ની કલમ (૨)(f) તથા (૨)(g) ની જોગવાઈઓ મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટએ નામ નકકી કરવાના થાય છે. જે અન્વયે નામ સૂચવવા બાબતે.

**ઠરાવ નં.૧૩** **હાલમાં ચાલી રહેલ શૈક્ષણિક જગ્યાઓની ભરતી પ્રક્રિયા અનુસંધાને "સ્ટેચ્યુટ્સ –૨૫૫ Selection and Appointment of University Teachers" કલમ (૨)(f) તથા (૨)(g) ની જોગવાઈઓ મુજબ બોર્ડ ઓફ મેનેજમેન્ટએ નીચે અનુસારના સભ્યશ્રીઓની નિયુક્તિ કરેલ છે.**

| સ્ટેચ્યુટ્સની કલમ | જોગવાઈ | નિયકત કરેલ સભ્યશ્રીનું નામ |
|---|---|---|
| 255 (2)(f) | one person not below the rank of Professor or Principal belonging to Scheduled Castes or Scheduled Tribes or De-Notified Tribes (Vimukta Jatis) or Nomadic Tribes or Other Backward Classes, nominated by the Board of Management | Prof. (Dr.) D .M. Bakraniya<br>Professor and Head,<br>Department of Education,<br>Kachchh University |
| 255 (2)(g) | one principal who is a member of Board of Management to be nominated by the Board of Management | Dr. C. S. Zala<br>Principal,<br>R. R. Lalan College, Bhuj |

૧૪. તા.૦૮/૦૩/૨૦૨૪ના બહાર પાડવામાં આવેલ જાહેરાત અનુસાર વિવિધ શૈક્ષણિક જગ્યાઓ માટે અરજીઓ આવી ગયેલ હોઈ અને નિયમાનુસાર તેની સ્ક્રુટીની થઈ ગયેલ હોઈ, આગળની ભરતી પ્રક્રિયાની કાર્યવાહિના ભાગરૂપ વિષય નિષ્ણાંતની પેનલ પૈકી સ્ટેચ્યુટ્સની જોગવાઈ અનુસાર ૩ (ત્રણ) વિષય નિષ્ણાંતના નામો નકકી કરવા સબબ ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(શૈક્ષણિક સ્ટાફની ભરતી પ્રક્રિયા અનુસંધાને વિષય નિષ્ણાંતોના નામો નકકી કરવા અનવ્યે એકેડમિક કાઉન્સિલની તા. ૨૧/૧૦/૨૦૨૪ સભાના ઠરાવ નં. ૦૩ થી ઉકત શૈક્ષણિક ભરતી પ્રક્રિયા માટે સ્ટેચ્યુટ્સના નિયમોનુસાર વિષય નિષ્ણાંતની પેનલ તૈયાર કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવેલ છે.)

**ઠરાવ નં.૧૪** **સ્ટેચ્યુટ્સની કલમ 255 (2)(e) ની જોગવાઈઓ અનુસાર બોર્ડ ઓફ મેનેજમેન્ટે આપવાના થતાં વિષય નિષ્ણાંતના નામો ઉકત શૈક્ષણિક ભરતી પ્રક્રિયા માટે સ્ટેચ્યુટ્સના નિયમોનુસાર વિષય નિષ્ણાંતોની પેનલ તૈયાર કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવાનું નકકી કરવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવા સંબંધે બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રી રામભાઈ ગઢવીના વાંધા સાથે માનનીય કુલપતિશ્રીને નિયામુસાર પેનલ તૈયાર કરવાની સત્તા સોંપવાનું બહુમતીએ ઠરાવવામાં આવ્યું.**

૧૫. એકટ– 18(4)(g) તથા સ્ટેચ્યુટ્સ– 23(g) ની જોગવાઈ અનુસાર એકેડમિક કાઉન્સિલમાં સભ્યશ્રીઓની નિયુક્તિ અર્થે નામ આપવા બાબત.

(એકટ– 18(4)(g) તથા સ્ટેચ્યુટ્સ– 23(g) ની જોગવાઈ અનુસાર એકેડમિક કાઉન્સિલમાં દરેક ફેકલ્ટીના મહિલા અધ્યાપકશ્રીની નિયુકિત બોર્ડ ઓફ મેનેજમેન્ટે કરવાની હોતાં સભ્યશ્રીની નિયુકિત અર્થે નામો આપવા બાબત.)

ઠરાવ નં.૧૫ **સ્ટેચ્યુટ્સ– 23(g) ની જોગવાઈ અનુસાર એકેડમિક કાઉન્સિલમાં મહિલા અધ્યાપકશ્રીની નિયુકિત સબબ જોગવાઈઓને આધિન હાલ એક મહિલા અધ્યાપકશ્રીની નિયુકિત થઈ શકે તેમ હોઈ તોલાણી કોમર્સ કોલેજ, આદિપુરના અધ્યાપીકા ડાૅ. દિવ્યાબેન મહેશ્વરીની નિયુકિત કોમર્સ વિદ્યાશાખામાં મહિલા સભ્યપદ પર એકેડમિક કાઉન્સિલમાં કરવામાં આવે છે.**

**૧૬. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.**

૧. યુનિવર્સિટી પરિસરમાં આવેલ દરગાહ ખસેડવા બાબતે

ઠરાવ નં.૧૬ **યુનિવર્સિટી પરિસરમાં એન્ટર થતાં જમણી બાજુએ એક દરગાહ આવેલ છે. જે યુનિવર્સિટી માલિકીની જમીન / પરિસરમાં હોવાથી તે અન્યત્ર ખસેડવા સંબંધિતોને નોટિસ આપીએ. આ નોટીસ શ્રી રામભાઈ ગઢવી, એડવોકેટ તે સભ્યશ્રી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા તૈયાર કરવાની રહેશે તેવો ઠરાવ કરવામાં આવે છે.**

૨. તા.૨૦/૦૮/૨૦૨૪ વાળી ગુજરાત એજયુકેશન સોસાયટી સંચાલિત રાજાભાઈ પટેલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિકસ, આદિપુરની કોલેજનું નામ બદલાવવા સંબંધિત અરજી બાબતે.

ઠરાવ નં.૧૭ **ગુજરાત એજ્યુકેશન સોસાયટી સંચાલિત રાજાભાઈ પટેલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિકસ, આદિપુરની કોલેજનું નામ બદલાવવા સંસ્થા દ્વારા યુનિવર્સિટીને કરાયેલ સંબંધિત અરજીને ગ્રાહય રાખવામાં આવે છે તથા તેઓશ્રીએ જણાવેલ નવું નામ 'રાજાભાઈ પટેલ કોલેજ ઓફ કોમર્સ એન્ડ આર્ટ્સ કરવા સંબંધિત આગળની પ્રક્રિયા હાથ ધરવા વહિવટી મંજૂરી આપવામાં આવે છે.**

૩. શૈક્ષણિક ભરતી સંબંધિત સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ની જોગવાઈઓ અનુસાર તૈયાર કરવામાં આવેલ માર્કિંગ સ્કિમ બહાલ રાખવા બાબત.

ઠરાવ નં.૧૮ **તા.૦૮/૦૩/૨૦૨૪ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરાત અનુસારની વિવિધ શૈક્ષણિક સ્ટાફની ભરતી પ્રક્રિયા માટે સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ની જોગવાઈઓ અનુસાર તૈયાર કરવામાં આવેલ માર્કિંગ સ્કિમને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે. આ માર્કિંગ સ્કિમ સંદર્ભે સ્ક્રુટીની કરવાની કાર્યવાહી નવેસરથી હાથ ધરવાની રહેશે અને મેરિટ લિસ્ટ વિષયવાર અને કેડર વાઈઝ તૈયાર કરવાનું રહેશે. વધુમાં ઈંટન્રવ્યુ માટે મેરિટમાં આવતાં પ્રથમ ૧૫ ઉમેદવારોને ઈન્ટરવ્યુ માટે બોલાવવા તથા જયાં ૧૫ થી ઓછી સંખ્યાંમાં અરજીઓ આવેલ હોઈ ત્યાં બધા ઉમેદવારોને ઈંટન્રવ્યુ માટે બોલાવવાના રહેશે. ભરતી પ્રક્રિયાની કરવાની થતી આગળની કાર્યવાહી સબબ માનનીય કુલપતિશ્રીને સંપૂર્ણ સત્તા સોંપવામાં આવે છે.**

૪.	બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર વધારા બાબતે

ઠરાવ નં.૧૯	**કચ્છ યુનિવર્સિટીમાં લાંબા સમયથી ફરજ બજાવતાં બિન શૈક્ષણિક કર્મચારીઓ જેઓ કાયમી કરવા સંદર્ભે નામદાર હાઈકોર્ટમાં કેસ કરેલ હોય તેઓને છૂટા ન કરવા સંદર્ભે નામદાર હાઈકોર્ટનો સ્ટે મેળવેલ છે. વધુમાં શિક્ષણ વિભાગ દ્વારા તેમના પત્ર ક્રમાંક– કછય/ ૧૫૨૦૨૨/ CHE- ૨૮૭/ ખ.૨ તા.૦૬/૧૧/૨૦૨૩ થી આ જગ્યાઓ સંબંધે સરકારશ્રીની કોઈ જવાબદારી રહેતી નથી અને યુનિવર્સિટીએ પોતાના સ્વભંડોળમાંથી પગાર તથા અન્ય ભથ્થાંઓ ચૂકવવાની જવાબદારી રહે છે તેવો પત્ર પાઠવેલ છે.**

**આ પત્ર સંદર્ભે ચર્ચા–વિચારણા થયા બાદ બિન શૈક્ષણિક કર્મચારીઓની નિયુક્તિ બાબત, કોર્ટ કાર્યવાહિ બાબત તથા તેઓના પગાર બાબતે નીચે મુજબના ૦૪ (ચાર) સભ્યોની સમિતીનું ગઠન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. આ સમિતી નીચે મુજબના સભ્યશ્રીઓની રહેશે.**

| | |
|---|---|
| **૧. શ્રી મનોજભાઈ સોલંકી, સભ્યશ્રી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ** | **– અધ્યક્ષશ્રી** |
| **૨. શ્રી કિરણભાઈ આહિર, સભ્યશ્રી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ** | **– સભ્યશ્રી** |
| **૩. શ્રી રામભાઈ ગઢવી, સભ્યશ્રી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ** | **– સભ્યશ્રી** |
| **૪.શ્રી અનિમેષભાઈ મોદી , સભ્યશ્રી,ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ સમિતી** | **– સભ્યશ્રી** |

**આ સમિતીએ બિન શૈક્ષણિક કર્મચારીઓની નિયુક્તિ સંદર્ભે , કોર્ટ કાર્યવાહિ સંબંધે જરૂરિ નિર્ણય લઈ તેમના પગાર બાબતે બોર્ડ ઓફ મેનેજમેન્ટને અહેવાલ આપશે. જે અનુસંધાને આગળની કાર્યવાહિ હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૫.	રોનિત શાહ, એડવોકેટની ગોલ્ડ પ્લેટેડ મેડલ આપવા બાબતની અરજી

ઠરાવ નં.૨૦	**રોનિત પી. શાહ, એડવોકેટની ગોલ્ડ પ્લેટેડ મેડલ આપવા સબબની અરજી ગ્રાહય રાખવામાં આવે છે. તેઓશ્રીએ ડોનેશન પેટે આપેલ રકમ રૂ.૫૦,૦૦૦/– ને ધ્યાને લઈ તેટલા સમય માટે બી.એ. માં અંગ્રેજી વિષય પર ગોલ્ડ પ્લેટેડ મેડલ આપવાનો નિર્ણય લેવામાં આવે છે. સાથે જ વધુ ને વધુ વિષયો/ વિદ્યાશાખાઓમાં ગોલ્ડ પ્લેટેડ મેડલ આપી શકાય તે હેતુ ડોનેશન મેળવવા પ્રયત્ન હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

**કુલસચિવ**